
# બનાસકાંઠામાં એસટી બસના ડુપ્લીકેટ વિકલાંગ પાસ કૌભાંડનો પર્દાફાશ

## જિલ્લા બાળ સુરક્ષા કચેરીમાં ડેટા એનાલીસીસ તરીકે ફરજ બજાવતાં કર્મચારી દ્વારા કૌભાંડ આચરાયું હોવાનો સોગંદનામામાં ઉલ્લેખ થયો

પાલનપુર, તા. ૧૪




બનાસકાંઠામાં સમાજ સુરક્ષા વિભાગ દ્વારા વિકલાંગ વ્યક્તિઓને આપવામાં આવતા એસ ટી બસના પાસ બનાવટી બનાવવામાં આવ્યા હોવાનું કૌભાંડ સામે આવ્યું છે. રાધનપુરથી અંબાજી જઈ રહેલી બસમાં બે વિકલાંગ વ્યક્તિઓ પાસેથી એક જ નંબરના બે પાસ મળી આવતા આ કૌભાંડનો પર્દાફાશ થયો હતો. જેમાં સમાજ સુરક્ષા વિભાગે ભીલડીના એજન્ટના સોગંધનામાના આધારે જિલ્લા બાળ સુરક્ષા કચેરીમાં કમ્પ્યુટર એનાલીસીસ તરીકે ફરજ બજાવતાં શખ્સ સામે પોલીસ મથકે ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

ગુજરાત રાજ્યના સમાજ કલ્યાણ વિભાગ દ્વારા વિકલાંગ વ્યક્તિઓ માટે વિવિધ યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. જેમાં એસટી બસમાં વિનામૂલ્યે મુસાફરી માટે પાસ પણ આપવામાં આવે છે. જ્યાં આવા એસટી બસના ડુપ્લીકેટ પાસ કાઢવાનું કૌભાંડ બહાર આવતાં ચકચાર મચી જવા પામી છે. આ અંગે ગુજરાત રાજ્ય માર્ગ અને વાહન વ્યવહાર નિગમના બનાસકાંઠાના વિભાગીય નિયામક સંજય સોલંકીએ જણાવ્યું હતું કે, ૧૫ દિવસ અગાઉ રાધનપુરથી અંબાજી જઈ રહેલી એસટી બસમાં બે વિકલાંગ વ્યક્તિઓ પાસેથી એક જ નંબરના બે વિકલાંગ પાસ મળી આવ્યા હતા. આ અંગે સમાજસુરક્ષા વિભાગને જાણ કરવામાં આવી હતી. જેમાં તપાસ કરતાં સમાજ સુરક્ષા દ્વારા એજન્ટ તરીકે કામ કરતા ભીલડીના પરબતજી પ્રધાનજી ઠાકોર દ્વારા આ ડુપ્લીકેટ પાસ અપાયા હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. જેનું નિવેદન લઈ સમાજ સુરક્ષા વિભાગ દ્વારા બનાવટી પાસ બનાવનાર શખ્સ સુધી પહોંચવા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરવામાં આવનાર છે.

### એજન્ટ દ્વારા કરાયેલા સોગંધનામામાં ચોંકાવનારી વિગતો બહાર આવી છે

### મનીષ જોષી (સમાજ સુરક્ષા અધિકારી, બનાસકાંઠા)

રાધનપુર થી અંબાજી જઈ રહેલ બસમાં બે વિકલાંગ વ્યક્તિઓ ભીલડીના અર્જુનભાઈ જયંતીભાઈ નાઈ અને માનસુંગભાઈ ગોવિંદભાઈ સુથાર જોડે એકજ નંબરના બનાવટી પાસ કંડક્ટરે જપ્ત કર્યા હતા. અને આ અંગે અમારો સંપર્ક કરાયો હતો. જેમાં ડુપ્લીકેટ પાસની અમારી ઓફિસના ઓનલાઈન સોફ્ટવેર તેમજ આવેલી અરજીઓની તપાસ કરતાં આ પાસ અત્રેની કચરીએથી ઈસ્યુ ન થયા હોવાનું જણાયું હતું. આથી ડુપ્લીકેટ પાસ સાથે ઝડપાયેલા બન્ને વિકલાંગોની પૂછપરછ કરાઈ હતી. જેમાં આ પાસ ભીલડીના એજન્ટે આપ્યા હોવાનું બહાર આવ્યું હતું. જેની પાસે સોગંધનામું કરાવવામાં આવતાં કેટલીક ચોંકાવનારી બાબતો બહાર આવી છે. જેમાં જિલ્લા બાળ સુરક્ષા કચેરીમાં ડેટા એનાલીસીસ તરીકે ફરજ બજાવતાં અનિલભાઈ ઉમેદભાઈ પટેલે રૂપિયા ૧૫૦૦ થી ૬૦૦૦ સુધીની રકમ ઉઘરાવી ડુપ્લીકેટ પાસ બનાવવાનું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનું જણાવાયું છે. ત્યારે આ અંગે કાયદેસર કાર્યવાહી કરવા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવશે.

### ૯૦ થી વધુ ડુપ્લીકેટ પાસ ફરતા થયા

એજન્ટ દ્વારા કરાયેલા સોગંધનામામાં જણાવાયું છે કે, બાળ સુરક્ષા કચેરીના કર્મચારી દ્વારા વિકલાંગ વ્યક્તિઓ પાસેથી નાણાં લઈને ૯૦ થી વધુ ડુપ્લીકેટ પાસ ઈસ્યુ કરવામાં આવ્યા છે.

### ગતિશિલ ગુજરાતની ગુલબાંગો વચ્ચે

# પાલનપુર સુખબાગ આંગણવાડી કેન્દ્ર અન્યત્ર ચાલતું હોવાની રાવ

### સુખબાગ કેન્દ્ર મકાનના અભાવે ભૂલકાઓ-વાલીઓ ત્રાહિમામ

ગતિશીલ ગુજરાતની ગુલબાંગો વચ્ચે પાલનપુરના સુખબાગ રોડ આંગણવાડી કેન્દ્ર મકાનના અભાવે અન્યત્ર ચાલી રહ્યું હોવાની રાવ ઉઠી છે. મકાનના અભાવે ૨ આંગણવાડી કેન્દ્રો ભેગા ચાલતા હોઈ ભુલકાઓ સહીત વાલીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

પાલનપુરના સુખબાગ રોડ પરના આંગણવાડી કેન્દ્ર પાસે પોતાનું મકાન નથી. ત્યારે આ આંગણવાડી કેન્દ્ર ભાડાના મકાનમાં ચાલતું હતું. જોકે, મકાન માલિકે મકાન ખાલી કરાવતા મહિલા અને બાળ વિકાસ અધિકારીએ કાયમી નિવેડો લાવવાને બદલે આ આંગણવાડી કેન્દ્રને જામપુરા સલાટવાસ સાથે ભેળવી દઈ પોતાની ફરજ પુરી કર્યાનો આત્મસંતોષ મેળવી લીધો હતો. જોકે, ૨ કેન્દ્રો એક જ નાના મકાનમાં ચાલતા આ કેન્દ્ર ભૂલકાઓ માટે દુવિધાભર્યું બન્યું છે.

વળી, સુખબાગ રોડનું કેન્દ્ર જામપુરા સલાટવાસમાં સ્થળાંતર થતા સુખબાગ ના ભૂલકાઓને તે દૂર પડતું હોઈ નાના ભૂલકાઓ સહિત વાલીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. વળી, જામપુરા સલાટવાસનું આંગણવાડી કેન્દ્ર અને તેનો સ્ટાફ પણ અનિયમિત હોઈ સુખબાગ કેન્દ્રના ભૂલકાઓને તેનું ભોગ બનવું પડતું હોઈ તાકીદે સુખબાગ રોડ આંગણવાડી કેન્દ્રનું મકાન બનાવવા માટેની માગણી જોર પકડી રહી છે. ત્યારે વિકાસના નામે ચરી ખાતા જન પ્રતિનિધિઓની પણ સુખબાગ રોડ કેન્દ્રના નવનિર્મિત ભવન સામેની ઘોર ઉદાસીનતાને લઈને લોકોએ ફિટકારની લાગણી વરસાવી હતી.

### મેઘરજના લીંભોઇ ગામે ઘઉં ના ખેતરમાં આગ લાગતાં

# ૫ ખેડૂતોના ૩૫૦ મણથી વધુ ઘઉં બળીને ખાખ

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં દરવર્ષે ખેતરો માંથી પસાર થતા ઝોલા ખાતા હેવી વીજતારથી ખેતરમાં તૈયાર ઉભા ઘઉંનો પાક બળીને ખાખ થઈ જવાની અનેક ઘટનાઓ બનતી રહે



છે ઘઉંની સીઝનમાં જ વીજતાર એકબીજા સાથે અથડાવાથી તણખલા ઝરતા થોડીક જ મિનિટોમાં ઘઉંનો પાક બળીને ખાખ થઈ જતો હોય છે મેઘરજ તાલુકાના લીંભોઈ ગામે ઘઉં થી છલોછલ ભરેલ ખેતરોમાં પસાર થતા વીજતારમાં શોર્ટ સર્કિટ થતા આગ લાગતાં ૫ ખેતરોમાં ઘઉંનો પાક સ્વાહા થતા ખેડૂતો રડમશ બની ઉઠ્યા હતા

ગુરુવારે બપોરે મેઘરજ ના લીંભોઈ ગામની સીમમાં આવેલા ખેતર માંથી પસાર થતા વીજતારમાં અગમ્ય કારણોસર શોર્ટ સર્કિટ થતા અને તણખલા ઝરતા ખેતરમાં તૈયાર ઉભા ઘઉંના પાકમાં આગ લાગતાં અને ઝડપથી પ્રસરતા આજુબાજુમાં રહેલા અન્ય ૪ ખેતરોમાં ઉભા ઘઉં આગ લાગતાં ખેડૂતો અને ગામલોકો દોડી આવી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવવા પ્રયત્નો હાથધર્યા હતા પરંતુ આગ પવનની ગતિ વધુ હોવાથી આગે ૫ ખેતરોમાં રહેલા ઘઉંના પાકને ઝપેટમાં લેતા બળીને ખાખ થતા ૩૫૦ મણ થી વધુ તૈયાર થયેલા ઘઉંનો પાક આગ થી રાખ માં ફેરવાતા ખેડૂતોએ સ્વજન ગુમાવ્યો હોય તેમ આઘાતમાં સરી પડ્યા હતા મહા મહેનતે પકવેલા ઘઉં બળી જતા ખેડૂતોને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો હતો.

# અરવલ્લી જિલ્લા પોલીસે ત્રણ વાહનોમાંથી બે લાખથી વધુનો વિદેશી દારૂ ઝડપ્યો

મોડાસા, તા.૧૪

અરવલ્લી જીલ્લામાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં વિદેશી દારૂની રેલમછેલ જોવા મળે છે. દેશી દારૂની સાથે વિદેશી દારૂના બંધારણીયો અને ખાસ કરીને યુવાનો વિદેશી દારૂના રવાડે ચઢતા




અને હોળી-ધુળેટીના તહેવારમાં વિદેશી દારૂની ખપત વધતા બુટલેગરો પણ દારૂબંધીનો ફાયદો ઉઠાવી મોટા પ્રમાણમાં વિદેશી દારૂ ઠાલવી રૂપિયા રળી રહ્યા છે. માલપુર પોલીસે ટીસ્કી ગામના જાણીતા બુટલેગર હેમંત ઉર્ફે રામો ઉર્ફે અનિલ સુનિલભાઈ જયસ્વાલે ટીસ્કી પ્રાથમિક શાળા નજીક અલ્ટો કારમાં સંતાડી રાખેલો રૂ. ૩૮૨૦૦નો વિદેશી દારૂ જપ્ત કર્યો હતો. અપેક્ષા અનુસાર પોલીસ રેડ જોઈ બુટલેગર નાસી છૂટવામાં આબાદ સફળ રહ્યો હતો. જીલ્લા એલસીબી પોલીસે પાણીબાર ગામ નજીક પીક અપ ડાલામાંથી ૧.૦૫ લાખ અને ફૂટા પાટિયા નજીક ફોર્ડ કારમાંથી રૂ.૫૭૬૦૦નો વિદેશી દારૂ ઝડપ્યો હતો.

અરવલ્લી જીલ્લા પોલીસવડા મયુર પાટીલ જીલ્લામાં દેશી-વિદેશી દારૂનું વેચાણ અને પરિવહન અટકાવવા સતત પ્રયત્નશીલ છે પરંતુ સ્થાનિક પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓની મીલીભગતથી દેશી દારૂની ભઠ્ઠીઓ ગ્રામ્ય વિસ્તારમાં ધમધમી રહી છે અને વિદેશી દારૂની ગમેતે બ્રાન્ડ માંગો ત્યારે હાજર કરનાર બુટલેગરોનો ટોટો નથી. મોડાસામાં ૨ થી ૩ બુટલેગર એક્ટિવામાં હોમડિલિવરી અપાતા હોવાની વાત જગજાહેર છે.




માલપુર પીએસઆઈ કે.એસ. સીસોદીયા અને તેમની ટીમે બાતમીના આધારે ટીસ્કી પ્રાથમિક શાળા નજીક ટીસ્કી ગામના પ્રોહી.લિસ્ટેડ બુટલેગર હેમંત ઉર્ફે રામો ઉર્ફે અનિલ સુનિલભાઈ જયસ્વાલે મારુતિ અલ્ટો કાર (ગાડી.નં-જીજે.૦૯.બીબી. ૦૪૫૪ )માં વેચાણ અર્થે સંતાડી રાખેલો વિદેશી દારૂની બોટલ, ક્વાંટરીયા અને બિયર નંગ-૩૫૦ કીં. રૂ. ૩૮૨૦૦નો જથ્થો જપ્ત કરી કારની કીં. રૂ.૧૫૦૦૦૦ મળી કુલ રૂ.૧૮૮૨૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ફરાર બુટલેગર હેમંત ઉર્ફે રામો ઉર્ફે અનિલ સુનિલ જયસ્વાલ સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

અરવલ્લી જીલ્લા એલસીબી પોલીસે પાણીબાર ગામ નજીક થી પીકઅપ ડાલા (ગાડી.નં-જીજે.૯.એવી.૩૭૩૩)માંથી વિદેશીદારૂની બોટલ નંગ-૨૬૪ કી. રૂ.૧૦૫૬૦૦નો જપ્ત કરી પીકઅપ ડાલા કીં. રૂ. ૩૦૦૦૦૦ મળી કુલ રૂ.૪૦૫૬૦૦નો મુદ્દામાલ જપ્ત કરી તદઉપરાંત ટીટોઈ ફૂટા નજીકથી ફોર્ડ ફ્યુઝન કાર (ગાડી.નં. જીજે.૨૦.એ. ૨૬૧૩)માંથી વિદેશી દારૂની બોટલ નંગ-૧૪૪ કી. રૂ. ૫૭૬૦૦નો જપ્ત કરી ફોર્ડ ફ્યુઝન કારની કીં. રૂ.૨૦૦૦૦૦ મળી કુલ રૂ.૨૫૭૬૦૦નો મુદ્દામાલ જપ્ત કરી બંને વાહનોના ચાલક વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ભિલોડાની શંકરપુરા આદર્શ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓનું પર્યટન યોજાયું

ભિલોડા,તા.૧૪

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના શંકરપુરા ગામની શંકરપુરા આદર્શ પ્રાથમીક શાળામાં ધોરણ.૧ થી ધોરણ.૮ સુધી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનું પર્યટન (વનભોજન) હાથમતી નદી કિનારે પતલેશ્વર મહાદેવ મંદિરના સાનિધ્યમાં નયનરમ્ય વાતાવરણમાં યોજાયું હતું.

શંકરપુરા આદર્શ પ્રાથમીક શાળાના વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી. પર્યટનનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓ નદીઓ, નદી સંગમ અને પ્રકૃતિથી અવગત થાય તે હેતુસર વિદ્યાર્થીઓનો એક દિવસ દરમ્યાન પ્રકૃતિની ગોદમાં આનંદ કિલ્લોલ સાથે પસાર કર્યો હતો.શંકરપુરા આદર્શ પ્રાથમીક શાળા આચાર્ય કાંતીલાલ એસ.પટેલ તરફથી વિદ્યાર્થીઓને વનભોજન અપાયું હતું. એસ.એમ.સી. શંકરપુરા, ગ્રામજનોએ શંકરપુરા પ્રાથમીક શાળાના પર્યટન (વનભોજન) કાર્યને બિરદાવ્યું હતું. પર્યટન (વનભોજન) કાર્યક્રમને સફળ બનાવવા શંકરપુરા આદર્શ પ્રાથમીક શાળા સ્ટાફ પરીવારએ જહેમત ઉઠાવી હતી.

### અરવલ્લી જિલ્લામાં આચાર સંહિતાના અમલવારીમાં

# તંત્રે બાંકડા અને બસ સ્ટેન્ડ પર કુચો ફેરવતા કોંગ્રેસી ધારાસભ્યમાં રોષ

મોડાસા, તા. ૧૪

લોકસભાની ચૂંટણી જાહેર થતા જ સાબરકાંઠા બેઠક ઉપર આચાર સંહિતાના અમલીકરણ



માટે ચૂંટણીતંત્ર સજજ બની અમલીકરણ માટે વિવિધ ફ્લાઈંગ સ્કોર્ડ બનાવી ચુસ્ત અમલીકરણ માટે સરકારી મિલ્કતો ઉપર અને જાહેર સ્થળોએ, વિકાસના કામો અને લોકઉપયોગી થયેલ કામો પર લાગેલા રાજનેતાઓના બેનરો અને ફોટાઓ ઉતારી દેવામાં આવ્યા છે અને તકતીઓ ઢાંકી દેવામાં આવી છે. અરવલ્લી જીલ્લામાં ત્રણે વિધાનસભા બેઠકો કોંગ્રેસના કબ્જામાં છે ત્યારે ચૂંટણીતંત્ર દ્વારા ધારાસભ્યની ગ્રાન્ટમાંથી બેસવા માટે તેમના વિસ્તારમાં મુકેલા બોકડા પર ધારાસભ્યના નામ પર કુચો ફેરવી દેવાતા અને પીકઅપ બસ સ્ટેન્ડમાંથી ધારાસભ્યના બોર્ડ અને ફોટાઓ હટાવતા ચૂંટણી તંત્ર બેવડા ધોરણ અપનાવતું હોવાનો બાયડના ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ આક્ષેપ કરી ભાજપના નેતાઓના જાહેરસ્થળો પર લગાવેલા કેટલાય બોર્ડ યથાવત હોવાનો આક્ષેપ મુક્યો હતો.

બાયડના ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ જીલ્લા ચૂંટણીતંત્ર દ્વારા આચાર સંહિતાના




નામે તેમની ગ્રાન્ટમાંથી તેમના વિસ્તારમાં બેસવા માટે મુકેલ બાંકડા પર કડૂચો મારી ભૂંસી નાખતા અને પીકઅપ સ્ટેન્ડ પરથી ફોટા અને બોર્ડ હટાવતા વિરોધ નોંધાવી આચાર સંહિતાનો ભંગ થતો ન હોવાનો દાવો કરી તેમનું નામ ભૂંસી નાખ્યુ હોવાનો અને ભારતીય જનતા પાર્ટીના બોકડા એમનાએમ હોવાનું અને કેટલીક જગ્યાએ કાળા કલરના પટ્ટા મારી બેવડા ધોરણ અપનાવવામાં આવતો હોવાનો આક્ષેપ કરી રાજયસભાના સાંસદ અમિત શાહની ગ્રાન્ટમાંથી વર્ષ-૨૦૧૭-૧૮ જીલ્લા આયોજન મંડળ, અરવલ્લીના માલપુર સરકારી દવાખાનામાં આપેલ એમ્બ્યુલન્સ પર નામ હટાવવામાં આવ્યું ના હોવાનું આક્રોશપૂર્વક જણાવી આચાર સંહિતા દરેક રાજકીય પક્ષ માટે એકસરખી લાગુ પાડવામાં આવેની માંગ કરી હતી.

# આજે મોડાસામાં ભાજપના જિલ્લા કાર્યાલય ખાતે પ્રદેશના નિરીક્ષકો ઉપસ્થિત રહેશે

મોડાસા, તા.૧૪

સાબરકાંઠા લોકસભા બેઠક માટે સેન્સ લેવા આજે મોડાસામાં ભાજપના જિલ્લા કાર્યાલય ખાતે પ્રદેશના નિરીક્ષકો ઉપસ્થિત રહેશે અને કાર્યકર્તાઓની રજૂઆતો સાંભળશે.

લોકસભા બેઠકના ઈન્ચાર્જ તખતસિંહ હડિયોલ, અરવલ્લી જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભીના જણાવ્યાનુસાર સાબરકાંઠા લોકસભા બેઠક ઉપર ઉમેદવારો માટેની સેન્સ લેવા માટે પ્રદેશ ભાજપ દ્વારા નિયુક્ત ત્રણ નિરીક્ષકો પ્રદીપસિંહ વાઘેલા, મોતીભાઈ વસાવા, નૌકાબેન પ્રજાપતિ તા.૧૫-૩-૧૯ને શુક્રવારે સાંજના ૪.૩૦ કલાકે અરવલ્લી જિલ્લા ભાજપ કાર્યાલય, મોડાસા ખાતે ઉપસ્થિત રહેશે. જેમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાઓના અપેક્ષિત કાર્યકર્તાઓને સમયસર ઉપસ્થિત રહેવા જણાવાયું છે. તેમ લોકસભા મીડિયા ઈન્ચાર્જ પ્રભુદાસ પટેલે જણાવ્યું છે.



### ડીસાની રાજપુર શાળામાં તિથિભોજન

ડીસા શહેરના છેવાડે આવેલા રાજપુર વિસ્તારના જાણીતા સેવાભાવી અગ્રણી મનુભાઈ મંછાભાઈ માળીનું ગત વર્ષે દુઃખદ નિધન થતા આ વિસ્તારે એક હમદર્દ અગ્રણી ગુમાવ્યો છે ત્યારે સદગત મનુભાઈ માળીની પ્રથમ વાર્ષિક પૂણ્યતિથી નિમિતે આજે સદગતના પુત્ર અને પાલિકા સદસ્ય પ્રશાંતભાઈ માળી અને પરિવારજનો દ્વારા સદગતની પુણ્યસ્મૃતિમાં આજે રાજપુરની મુખ્ય પ્રાથમિક શાળામાં તીતજીભોજનનું સુંદર આયોજન કરાયું હતું.આ પ્રસંગે દાતા પરિવારે શાળાના માસૂમ ભૂલકાઓને મિષ્ટ ભોજન પીરસી કઈક સારું કામ કર્યાનો સંતોષ વ્યક્ત કર્યો હતો.શાળાના આચાર્ય તેમજ શાળા પરિવારે પણ આ તિથિભોજનને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી દાતા પરિવારની ભાવનાને બિરદાવી હતી.

# ખેડબ્રહ્માના મહાકાળી મંદિરમાંથી ઘંટ ચોરાયો

ખેડબ્રહ્મા, તા. ૧૪

ખેડબ્રહ્મામા સ્ટેટ હાઈવે પર આવેલ શ્રી મહાકાળી માતાજી મંદિરમાં મહાકાળી માતાજી અને દશામાંના મંદિર આવેલ છે. જેમાં ચોર ઈસમ મંદિરમાં દર્શન કરવાના બહાને આવેલ અને તકનો લાભ લઈ દશામાના મંદિરમાં લગાવેલ એક ઘંટ ઉતારી લઈ શર્ટમાં સંતાડી ફરાર થઈ ગયો હતો. જે હરકત




પિત્તળના ઘંટ લટકાવવામાં આવેલ છે બુધવારના બપોરના સમયે એક મંદિરમાં લગાવેલ સી.સી.ટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી.

# સાબરકાંઠામાં ધોરણ-૧૦ની પરીક્ષામાં બે કોપી કેસ નોંધાયા

હિંમતનગર, તા. ૧૪

માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો. ૧૦ અને ૧૨ની પરીક્ષાઓ લેવાઈ રહી છે. ત્યારે ગુરૂવારે સાબરકાંઠાના હિંમતનગર કેન્દ્રમાં ધો. ૧૦ની આપી રહેલ બે વિદ્યાર્થીઓ ચાલુ પરીક્ષામાં કોપી કરતા નજરે પડતા ખંડનિરીક્ષકે તરત જ બંનેને ઝડપી લઈ કેન્દ્રના સંવાહકને જાણ કરી કોપીકેસ નોંધાવ્યા હતા. જોકે ધો. ૧૨ વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહની પરીક્ષામાં એકપણ કોપીકેસ નોંધાયો નથી.

આ અંગે શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ગુરૂવારે પ્રથમ સત્રમાં ધો. ૧૦માં સમાજવિદ્યાનું પેપર હતુ ત્યારે તેમાં હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં આવેલ આદર્શ હાયર સેકન્ડરી સ્કૂલના કેન્દ્ર નંબર ૧૯૨માં પરીક્ષા આપી રહેલ બેઠક નંબર ૪૫૫૭૮૨૧ અને ૪૫૫૭૮૨૪ના વિદ્યાર્થી દ્વારા ચાલુ પરીક્ષાએ કોપી કરાઈ રહી હતી. જે અંગે ખંડ નિરીક્ષકને ખબર પડતા આ બંનેને ઝડપી લઈ તે અંગે કેન્દ્ર સંવાહગકને જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ બોર્ડના નિયમ મુજબ બંને વિદ્યાર્થીઓ વિરૂદ્ધ કોપીકેસ કરીને તે અંગે જિલ્લા શિક્ષણાધિકારીને જાણ કરવામાં આવી હતી. સમાજવીદ્યાના પેપરમાં કુલ નોંધાયેલા ૨૩૩૩૭ વિદ્યાર્થીઓ પૈકી ૫૪૪ વિદ્યાર્થીઓ ગેરહાજર તથા ૨૨૭૯૩ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.